**DATE: 28/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ગોરાટીયા ગામની સીમમાં સંતાડ્યો હતો

# નેત્રંગમાં 1.44 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ તાલુકાના ગોરાટીયા ગામની સીમમાં ખાડી પાસે સંતાડેલો 1.44 લાખનો વિદેશી દારૂ ભરૂચ એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો. એલસીબીએ નેત્રંગ પોલીસ મથકે વોન્ટેડ બુટલેગર સામે ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ એલસીબીની ટીમ ચૂંટણીને લઇ ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે વેળા ચોક્કસ બાતમી મળી હતી કે, ગોરાટીયા ગામથી આગળ કડીયા ડુંગળ જવાના રોડ પર આવેલી ખાડી પાસે જોકલા ગામના કુખ્યાત બુટલેગર સુરેશ ઉર્ફે સુરીયો રામુ વસાવાએ ઝાડી ઝાખડામાં વિદેશી દારુનો જથ્થો સંતાડ્યો છે. જેના પગલે એલસીબી પીઆઇ ઉત્સવ બારોટના માર્ગ દર્શન હેઠળ પીએસઆઇ એમ.એમ રાઠોડ , હે.કો. પરેશ અજય સહીતનાઓએ સ્થળ પર રેડ કરી હતી. ટીમે ઝાડી ઝાખરાઓમાં તપાસ કરતા ત્યાં સંતાડેલો 1.44 લાખનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. જો કે બુટલેગર સુરેશ ઉર્ફે સુરીયો રામુ વસાવા ત્યાં મળ્યો ન હતો. ટીમે તેની સામે નેત્રંગ પોલીસ મથકે પ્રોહીબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બુટલેગરને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

# નેત્રંગમાં સાત બુથની પસંદગી દુર્ગમ વિસ્તારોમાં શેડો મતદાન મથકો બનશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા વિધાનસભા બેઠકમાં નેત્રંગ તાલુકામાં કુલ સાત જેટલા શેડો મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. તે સાથે જિલ્લામાં યુવા મતદાર મથકો, દિવ્યાંગ મતદાનમથકો અને સખી મતદાન મથકો પણ બનાવાયા છે. ત્યારે જિલ્લા ચૂંટણીતંત્ર વતી અનોખી પહેલના ભાગરૂપે દુર્ગમ વિસ્તારોમાં શેડો મતદાન મથક ઉભા કરાયા છે.

વન વિભાગના વોકિટોકી ઉપકરણનો ઉપયોગ સંચાર માધ્યમના વિકલ્પ તરીકે કરીને શેડો મતદાન મથકોમાં બનાવામાં આવ્યા છે.

નેત્રંગ તાલુકામાં આ વખતે સાત જેટલા શેડો મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. જેમાં 74 નંબરનું બૂથ-ઉમરખડા,90નંબરનું બુથ, કોલિયાપાડા, 91 નંબરનું બૂથ-વાંકોલ,92 નંબરનું બૂથ-વણખુટા,93 નંબરનું બૂથ - સજણવાવ,121નંબરનું બૂથ-મચામડી, 122 નંબરનું બૂથ-મુગજનો સમાવેશ થાય છે.આ તમામ વિસ્તારો દુર્ગમ હોવાથી મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે અન્ય ગામોમાં જવાની ફરજ પડતી હોય છે .

**DATE: 29/11/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### જંબુસરના ઉચ્છદ ગામની ચેકપોસ્ટ ખાતેની બનલી ઘટના

# દારૂની એક બોટલ મળતાં મોબાઈલ-કાર પણ જપ્ત

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

જંબુસરના ઉચ્છદ ચેકપોસ્ટ પાસે ચેકિંગ વેળાં એક કારમાં તપાસ કરતાં વિદેશીદારૂની એક બોટલ મળી આવી હતી. જેના પગલે વેડચ પોલીસે કારના ડ્રાઈવર સહિત બે શખ્સોની ધરપકડ કરી બે મોબાઈલ તેમજ કાર મળી કુલ 2.58 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વિધાનસભાની ચૂંટણીને લઈને જિલ્લાના પ્રવેશદ્વારો પર પોલીસ દ્વારા ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે જંબુસર તાલુકાના ઉચ્છદ ચેકપોસ્ટ પર વેડચ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી. એ. તુવર તેમજ તેમની ટીમ દ્વારા વાહન ચેકીંગની કામગીરી હાથ ધરાઈ હતી. દરમિયાનમાં અમદાવાદ પાર્સિંગની એક કાર આવતાં ટીમે તેના ડ્રાઈવર અને અન્ય એક શખ્સની તપાસ કરતાં બન્નેએ નશો કરેલો હોવાનું જણયું હતું. જેના પગલે તેમણે કારની તલાશી લીધી હતી. જેમાં તેમને વિદેશી દારૂની એક બોટલ મળી આવી હતી. પોલીસે ડ્રાઈવરનું નામ પુછતાં તેણે પોતાનું નામ મહેશ ઝવેર વાઘેલા (રહે. અણખી, આંબેડકરનગર) હોવાનું જણાવ્યું હતું. જ્યારે તેની સાથેના અન્ય શખ્સનું નમ પ્રવિણ દિનેશ સોલંકી (રહે. વહેલમ, પટેલ ફળીયુ) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે તેઓને વિદેશીદારૂની બોટલ ક્યાંથી લાવ્યાં તેની પુછપરછ કરતાં તેમણે ભોજ ગામેથી ભુરિયા નામના વ્યક્તિ પાસેથી દારૂ ખરીદી કર્યો હોવાની કબુલાત કરી હતી. ટીમે તેમની પાસેથી દારૂની બોટલ મળતાં તે સહિત બે મોબાઈલ અને કાર મળી કુલ 2.58 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 01/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### વિધાનસભા ચૂંટણીને લઇને પોલીસ વિભાગની કાર્યવાહી

# ભરૂચ જિલ્લામાં 36ને પાસા 126 આરોપી તડીપાર કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણને લઈને ધ્યાનમાં રાખી જિલ્લા પોલીસવડાએ એલસીબી-એસઓજીની વિશેષ ટીમો સહિત વિવિધ પોલીસ મથકોને સતર્ક કરી વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા સહિત અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાંઓ સામે કડક કાર્યવાહીની સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લાભરમાં કુલ 36 લોકોને પાસા જ્યારે 126 આરોપીઓને તડીપાર કરાયાં છે. ઉપરાંત કુલ 5906 આરોપીઓ સામે અટકાયતી પગલાં ભરાયાં છે.

જિલ્લા પોલીસવડા ડો. લીના પાટીલ દ્વારા ગુનાઈત ભૂતકાળ ધરાવતા શખ્સો સામે આંખ લાલ કરી અગાઉના વિવિધ ગુનામાં સંડોવાયેલા શખ્સોને તડીપાર કરવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જેના પગલે કુલ 126 આરોપીઓને તડીપાર કરાયાં છે. આ ઉપરાંત પાસા અંતર્ગત અટકાયત કરવા બાબતની દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ કરાયેલી દરખાસ્તોમાં મંજૂરી મળી જતા કુલ 26 શખ્સોની પાસા અંતર્ગત અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત દારૂના કેસોમાં દેશીદારૂના 1031 કેસ જ્યારે દેશીદારૂના 1056 આરોપીઓની ધરપકડ કરાઈ છે. જ્યારે વિદેશીદારૂના 41 કેસ કરવા સાથે તેમાં 74 આરોપીઓની ધરપકડ કરાઈ છે.

**DATE: 01/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

## ચૂંટણી પહેલા પોલીસની કાર્યવાહી

# ભરૂચમાં લાયસન્સવાળા 1,572 હથિયારો જમા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વિધાનસભાની ચૂંટણીમાં કોઇ અઘટીત બનાવ ન બને અને ભયમુક્ત વાતાવરણમાં મતદાન થાય તે માટે ભરૂચ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરી તમામ હથિયાર પરવાનેદારોને તેમના હથિયાર નજીકના સંલગ્ન પોલીસ સ્ટેશનમાં જમા કરવા માટે સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે જિલ્લાના પાક સંરક્ષણ તેમજ સ્વરક્ષણ માટેના કુલ 1693 પરવાના લીધાં છે. ભરૂચ જિલ્લાને કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ ગણવામાં આવે છે ત્યારે ચૂંટણી દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર પ્રયત્નશીલ બન્યું છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઇ રહે તે માટે પોલીસ અને વહીવટી સત્તાધીશો સાવચેતી અને સલામતીના પુરતાં પગલાં ભરી રહ્યાં છે.

જિલ્લામાંથી લાઇસન્સ ધારકો પાસેથી 1572 હથિયાર કબજે લેવાયાં છે. કબજે લેવાયેલાં હથિયારોને સંલગ્ન પોલીસ મથકોના સરકારી શસ્ત્રાગારમાં રાખવામાં આવશે અને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાંની સાથે જ તેમને લાઇસન્સ ધારકોને પરત કરવામાં આવશે.

**DATE: 02/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

# સંવેદનશીલ ગણાતાં ભરૂચ જિલ્લામાં શાંતિમય માહોલમાં મતદાન પૂર્ણ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



વિધાનસભાની ભરૂચ જિલ્લાની પાંચેય બેઠકો પર એકંદરે શાંતીમય માહોલમાં મતદાન થયું હતું. દિવસભરમાં બે પક્ષો વચ્ચે સામાન્ય ગરમાગરમીના માહોલ સિવાય કોઇ અનિચ્છનિય બનાવ બન્યા હોવાના અહેવાલ સાંપડ્યાં નથી. વહેલી સવારથી જ મતદાન કેન્દ્રો પર મતદાતાઓ આવવાના શરૂ થઇ ગયાં હતાં.

તેમાંય વૃદ્ધ મતદાતાઓ જ મોટેભાગે તેમના પૌત્ર-પૌત્રીઓને લઈને મતદાન કરવા આવી રહ્યાં હતાં. દિવસભર મતદારોનો પ્રવાહ જારી રહ્યો હતો. જોકે, બપોરના 12થી 2 વાગ્યા સુધીના સમયગાળામાં મતદારોની સંખ્યામાં સામાન્ય ઘટાડો દેખાયો હતો. પરંતુ, બે વાગ્યા બાદ પુનઃ મતદારોની કતારો લાગી હતી. ભરૂચમાં ઝાડેશ્વર રોડ પર આવેલી શબરી સ્કૂલમાં તેમજ અન્ય કેટલીક શાળાઓમાં હું મતદાર છું, મે મતદાન કર્યું છે.નો સેલ્ફી પોઇન્ટ મતદારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. તેમાંય પ્રથમવાર મતદાન કરનારા યુવા મતદારોએ સેલ્ફી પોઇન્ટ પર ફોટા પડાવવાનો આનંદ મેળવ્યો હતો.

**DATE: 04/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### એલસીબીએ વાગરાથી ઝડપી પાડયો

# અંકલેશ્વરના દારૂના કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી માં 8 મહિના પૂર્વે 15.29 લાખનો દારૂ ઝડપાવાના પ્રકરણમાં વોન્ટેડ આરોપીને જીઆઈડીસી પોલીસ વાગરાથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકમાં ગત તારીખ 27 મી ફેબ્રુઆરીના રોજ માહિતીના આધારે પોલીસે હિના એન્જીનીયરીંગ પાસેથી એક પિકઅપ વાન ઝડપી પાડી હતી. પોલીસે તેની તપાસ કરતા મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેની કિંમત રૂ.15 લાખ રૂપિયા જેટલી થવા જતી હતી.

કુલ ત્રણ આરોપીઓના નામ ખુલ્યા હતા. જેમાંથી પોલીસે સ્થળ પરથી મોતી કટારા અને



કાના પાદરીયાને ઝડપી પાડ્યા હતાં.

જ્યારે આ મુદ્દામાલ નો મુખ્ય આરોપી જીજ્ઞેશ પરીખનું નામ બહાર આવ્યું હતું પણ તે નાસતો ફરતો હતો. આ આરોપીને થોડા દિવસો પહેલા જ ભરૂચ LCB પોલીસ પકડી લાવી હતી.જેનો અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે વાગરા પોલીસ મથક માંથી ટ્રાન્સફર વોરંટ મેળવીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.